Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४४०, वैशाक. आत्म. संवत् १८ [ अंक १० मो.

## મંગલાચરણ—પ્રભુસ્તુતિ.*

ત્રોટક.

પ્રભુ વીર જિનંદ સુચંદ સમા, સમતા કરતા હર તાપ તમા;
તમ દૂર કરી ભવ ભીતિ હરી, હરિ નિત્ય નમે તુજ પાંવ પરી. ૧
પરમાતમ આતમરામ રટું, રટના રટતો ભવમાં ન અટું;
અટવી ભવતારક નાથ તમે, તમને જગતાત નમે ન ભમે. ૨
નભ મે પ્રભુપાદ તલે અમરા, અમરાધિપ આણ ધરી પ્રવરા;
વર પંકજ હેમ સુખેમ ધરે, ધરણી પર વીર થઇ વિચરે. ૩
ચરણા તુમરા શરણા જગમે, જગનાથ નિરંજન રૂપ ગમે;
ગમતા મન માન સરોવરમે, રમતા જન તે ભવ સાગરમે. ૪
ગરિમા ગુણવંત કરો કરૂણા, કરૂણાકર દીનદયાલ પુના;
પુનરાગમના નવિ થાય વિભો, વિભવાલય વીર નમો ભવિભો! ૫

* મુંબઇમાં ચૈત્ર શુદ ૧૩ ના રોજ મહાવીર જયંતી પ્રસંગે કરેલ મંગળાચરણ.

લેખક—મુનિરાજ શ્રી વલ્લભવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાસ્ત્રવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી કૃત શ્રી પાર્શ્વજિન સ્તવન.*

(રાગ ધમાલ—ફાગ.)

ચિદાનંદ ઘન પરમ નિરંજન, જન મન રંજન દેવ લલના
વામા નંદન જિન પતિ થુણિએ, સુરપતિ જસ કરે સેવ;
મન મોહન જિનજી ભેટિએ હો એ આંકણી ૧
જાયજૂઈ ચંપક કેતકી, દમણોને મચકુંદ લલના
કુંદઈંદુ રૂચિ સુંદર જોડી, પૂજીએ પાસજિણંદ મન મોહન૦ ૨
કેસર ઘોળી ઘસી ઘનચંદન, આનંદન ઘનસાર લલના
પ્રભુકી પૂજા કરો મનરંગે, પાઇએ પુણ્ય સફાર[1] મન મોહન૦ ૩
અંગે ચંગી આંગી બનાવી, અલંકાર અતિ સાર લલના
દ્રવ્યસ્તવવિધિ પૂરણ વિરચી, ભાવિએ ભાવ ઉદાર મન મોહન૦ ૪
પરમાતમ પૂરણ ગુણ પ્રત્યક્ષ, પુરૂષોત્તમ પરધાન લલના
પ્રગટ ભાવ પ્રભાવતી વલ્લભ[2], તું જયો સુગુણનિધાન મન મોહન૦ ૫
જો તુજ ભક્તિ મોરી[3] મુઝમન, વન વિચરે અતિચિત્ત લલના
દુરિત ભુજંગમ[4] બંધન ત્રૂટે, તો સઘળો જગમિત્ત મન મોહન૦ ૬
તુઝ આણા સુરવેલી મુજમન, નંદનવન જિહાં રૂઢ લલના
કુમતિ કદાગ્રહ કંટક શાખી[5], સંભવે નહિં તીહાં ગૂઢ મન મોહન૦ ૭
ભક્તિરંગ તુઝ આણારાધન[6], હોય ચક્ર સંચાર લલના
સહસ અઢાર અંગ રથ ચાલે, વિઘન રહિત શિવધાર મન મોહન૦ ૮
ગુરૂ ઉપદેશે જો મુજ લાગ્યો, તુઝ શાસનકો રાગ લલના
મહાનંદપદ ખેંચ લહેગો, જ્યું અલિ[7] કુસુમ પરાગ મનમોહન૦ ૯
બાહિર મન નિકસન[8] નહિ ચાહત, તુઝ શાસનમાં લીન લલના
ઉમગ નિમગ[9] કરી નિજપદ રહેવે, જ્યું જલનિધિ[10] જળમીન મનમોહન૦૧૦
ઓરનકી ગણુતી ન પાવું, જો તું સાહીબ એક લલના
કુલ વાસના દૃઢ નિજ મનકી, જ્યું અવિચલ પદ ટેક મન મોહન૦ ૧૧
મુજ તુજ શાસન અનુભવકો રસ, કયું કરી જાણે લોગ? લલના
અપરિણીત[11] કન્યા નવી જાણે, જ્યું સુખ દ્વૈત [12]સંજોગ મન મોહન૦ ૧૨

* આ સ્તવન તત્ત્વજ્ઞાનથી ભરપુર અને રહસ્ય પૂર્ણ પ્રાચીન હોવાથી ખાસ ઉપયોગી જાણી દાખલ કરવામાં આવ્યું છે. ૧ વિશાલ–અનર્ગલ. ૨ પ્રાણપ્રિય. ૩ મયૂરી (મોરલી.) ૪ પાપસાપ. ૫ કાંટલાં રૂખડાં. ૬ આજ્ઞાપાલન. ૭ ભ્રમર. ૮ નિકળવા. ૯ ગમેતેમ. ૧૦ સમુદ્ર. ૧૧ અવિવાહિત. ૧૨ દંપતીના સંજોગનું સુખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું સાહિબ હું સેવક તોરો, એ વ્યવહાર વિભાગ લલના
નિશ્ચય નયમત દોનું બિચ્ચે, હે નહિં ભેદકો લાગ મન મોહન૦ ૧૩
મન વચનાદિક પુદગળ ન્યારો, ન્યારો સકળ વિભાવ લલના
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ઘટના, તુઝ સમ શુદ્ધ સ્વભાવ મન મોહન૦ ૧૪
તું ઘટ અંતર પ્રગટ વિરાજે, જ્યું નિર્મલ મણિકંત લલના
બાહિર ઢૂંઢત મૂઢ ન પાવે, જ્યું મૃગમદ[1] મૃગ ભ્રાન્ત[2] મન મોહન૦ ૧૫
ગુણઠાણાદિકભાવે મિશ્રિત, સબમાંહે તુજ અંશ લલના
ખીરનીર જિમ ભિન્ન કરતહે, ઉજ્જવલ અનુભવ હંસ મન મોહન૦ ૧૬
આતમજ્ઞાન દશા જબ લાગી, વૈરાગી તુઝ જ્ઞાન લલના
સો પાવે જ્યું રત્ન પરીક્ષા, પેખત રત્ન પ્રધાન મન મોહન૦ ૧૭
પુણ્ય પ્રકૃતિ દેવકો કારણ, મૂઢ લહે નહીં ધર્મ લલના
જ્યું પીરો કોઇ અંધ ન માને, લહત ન અંતર મર્મ મન મોહન૦ ૧૮
ગંધ રૂપ રસ ફરસ વિવર્જિત, ન ધરે તિહાં સંઠાણ લલના
અણુઅવતાર અશરીર અવેદી, તું પ્રભુ શુદ્ધ પ્રમાણ મન મોહન૦ ૧૯
કેવળજ્ઞાન દશા અવલોકે, લોકાલોક પ્રમાણ લલના
દર્શન વીર્ય ચરણ ગુણધારી, સેવત સબ અહિઠાણ મન મોહન૦ ૨૦
સત્તા શુદ્ધ અરૂપી તોરી, નહીં જગકો વ્યવહાર લલના
કહા કહિયે કછુ કહત ન આવે, તું પ્રભુ અલખ અપાર મન મોહન૦ ૨૧
દીપચંદ્ર રવિ ગ્રહ ગણ કેરો, જિહાં પ્રસરત નહીં તેજ લલના
તિહાં એક તુઝ ધામ બિરાજે, નિર્મલ ચેતન સ્હેજ[3] મન મોહન૦ ૨૨
આદિ રહિત અજરામર નિર્ભય, વ્યાપક એક અનંત લલના
શુદ્ધ પ્રકૃતિ અકષાય અમાયી, તું પ્રભુ બહુ ગુણવંત મન મોહન૦ ૨૩
તું માતા તું ત્રાતા ભ્રાતા, પિતા બંધુ તું મિત્ત લલના
સરણ તુંહિ તુજ સેવા કીજે, દ્રઢ કરી તનુ વચ ચિત્ત મન મોહન૦ ૨૪
પાસ આશ પૂરો અબ મોરી, અરજ એક અવધાર લલના
શ્રી નયવિજય વિબુધ પાય સેવક, જસ કહે ભવજલતાર

મનમોહન૦ ૨૫ ઇતિ.

યોજક—**મુનિરાજશ્રી કર્પૂરવિજયજી.**

---

૧ કસ્તુરી. ૨ ભ્રમિત થયેલો મૃગલો. ૩ સહજ-નિરૂપાધિક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોન્નતિ દોષ દર્શન.

## અને તે દૂર કરવાની શું જરૂર નથી?

સાંપ્રતકાલે સર્વ પ્રજા ઉન્નતિના સાધનો શોધે છે. ઉન્નતિ કયાં છે? ઉન્નતિના સાધનો કયાં જડે છે? કેવે માર્ગે ચાલવાથી ઉન્નતિ મલી શકે છે? અને ઉન્નતિના તત્વો કયા છે? ઇત્યાદિ તર્ક-વિતર્ક ભરેલા પ્રશ્નો સાંપ્રતકાલે ઉદ્ભવતા જાય છે. કેટલીએક પ્રજા એ પ્રશ્નો કરી બેશી રહેતી નથી, પણ તેની શોધ કરી યથાશક્તિ તેને માટે પ્રયત્નો આચરે છે. ત્યારે કેટલીએક પ્રજા યા હોમ કરીને ઉન્નતિ સાધવા મંડી જાય છે અને કેટલીએક પ્રજા જેટલું બને તેટલું કરવાને મથન કરતાં તેમાંથી જેટલો લાભ મલ્યો તેટલો લઇ સંતોષ માને છે. હવે જ્યારે આપણી જૈનપ્રજા તરફ જોઇશું તો જણાશે કે, આપણી કોમ તદ્દન ઉન્નતિના અર્થને સમજતીજ નથી. જ્યારે ઉન્નત્તિના સ્વરૂપનું ભાન નથી તો પછી આપણાં હૃદયમાં ઉપર કહેલા પ્રશ્નોનો અવકાશ તો કયાંથી હોય? આપણી કોમમાં ત્રણ પ્રકારના ગૃહસ્થોના વર્ગ છે. **૧ વ્યાપારી વર્ગ, ૨ ધર્મિ વર્ગ, ૩ આશ્રિત વર્ગ** તે ત્રિવિધ વર્ગમાં વ્યાપારી વર્ગનો મોટો ભાગ છે. તે વર્ગ પોતાના સ્વાર્થને આગળ કરી વ્યાપારના મહોદધિમાં મગ્ન થઇ રહ્યો છે. તેમના હૃદયમાં સ્વકોમની ઉન્નતિના વિચારો આવતા જ નથી. વ્યાપારના વ્યવસાયને લઇને તે વિચાર કરવાનો તેમને અવકાશજ નથી. તેઓ વ્યાપારની વિવિધ વસ્તુઓના ભાવ પૂછ્યા કરે છે, પણ કોઇ સ્વકોમની ઉન્નતિનો ભાવ પુછતું નથી. તેની મનોવૃત્તિ ઉપર વ્યાપારનાજ વિચારો ભમ્યા કરે છે. વ્યાપારનેજ તેમણે સર્વસ્વ માનેલું હોય છે; તેથી ઉન્નતિના સ્વરૂપને તેઓ તદન જાણતા નથી તેમ જાણવાની ઇચ્છા રાખતા નથી.

બીજો ધાર્મિક વર્ગ છે. એ વર્ગની સંખ્યા થોડી છે. તે વર્ગમાં ધર્મના ખરા રહસ્યને સમજનારો થોડો ભાગ છે અને કેવળ ધર્માંધ થઇ પ્રવર્તનારો મોટો ભાગ છે. નવીન ચૈત્યો કરાવવા, મોટા મોટા આડંબરવાળા વરઘોડાઓ કાઢી ધર્મનો ઉદ્યોત બતાવવો નહિં જરૂરીયાત તેવા ખાતાઓ માટે યોગ્યાયોગ્યનો વિચાર કર્યા વગર વિવિધ જાતની ટીપો ઉભી કરી નાણાં એકઠા કરવા; મતલબ કે હાલના સમયે ધર્મના પરિપૂર્ણ ખાતાઓમાં (ભરતામાં ભરતી) કર્યા જવું અને સીદાતા કે અપૂર્ણ કે અવનતિએ પહોંચેલા ખાતાઓને માટે બે પરવાઇ રાખવી. આવી રીતે દેખાતા કાર્યોમાં ભાગ લેનારા ધર્મિ વર્ગ ઉન્નતિના એક શબ્દનો વિચાર પણ કરતો નથી, તો પછી ઉન્નતિની ક્રિયામાં તો કયાંથી પ્રવર્તે? તેમને માથે ઉન્નતિની શી પડી હોય.

ત્રીજો આશ્રિત વર્ગ છે. તે હંમેશા સેવા વૃત્તિ કરનારો અને બીજાના ભાગ્ય ઉપર જીવનારો છે. તેમનામાં ઘણો ભાગે માનસિક અને શારીરિક શક્તિ હોય છે. પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્તાની શકિતના અભાવથી તેઓ કાંઇ પણ કરી શકતો નથી. તે વર્ગનો મોટો ભાગ ઉન્નતિમાંના સ્વરૂપને સમજનારો હોય છે, પરંતુ તે સાધન સંપન્ન ન હોવાથી ઉન્નતિને ક્રિયામાર્ગનું દર્શન કરાવી શકતો નથી. તે વર્ગને આર્થિક બલ ન હોવાથી તેનાથી ઊન્નતિના કાર્યો થતા નથી. તેમજ આ વર્ગ કદાચ ઊન્નતિના વિચાર બતાવે કે કરવા જાય તો શ્રીમંત અને આગેવાન વર્ગ તેને દબાવી દે તેથી તેનાથી ઉન્નતિના કાર્યો થતા નથી. આ ત્રિવિધ વર્ગ જ્યારે મિશ્રીત થઇ વર્તમાનની સ્થિતિનો વિચાર કરી પ્રવર્ત્તશે ત્યારેજ ઉન્નતિ સાધ્ય થઇ શકશે. ઉન્નતિની સાધનામાં સ્થૂલ અને સૂક્ષ્મ દૃષ્ટીથી દોષ દર્શન કરવાનું છે. એટલે કે કેવા દોષો ઉન્નતિના બાધક છે, અને તે દોષો કેવી રીતે દૂર કરી શકાય તેમ છે. એ વિચાર હૃદયારૂઢ કરવાથીજ ઉન્નતિનો ઉજ્વળ માર્ગ દેખાઇ આવશે.

પ્રથમ વિચાર કરવાનો એ છે કે, ઉન્નતિના બાધક કયા દોષો છે? ૧ વર્તમાન સમયની સ્થિતિનો અવિચાર, ૨ તે સ્થિતિને પ્રતિકૂલ એવા વર્ત્તનનો આગ્રહ, ૩ સંઘ અથવા સમાજની આડંબરી સત્તાનો લોભ, ૪ પ્રપંચ બલથી કીર્ત્તિ મેળવવાની ઇચ્છા ૫ લોભનું રક્ષણ કરી સ્પર્ધા કરવાની અભિલાષા અને ૬ કુસંપના કારણોને પોષણ મળે તેવા વર્ત્તનો—આ છ દોષો ઉન્નતિના બાધક છે, કોઇ દુર્ભાગ્યયોગે આપણી જૈન કોમમાં એ છ દોષ સ્પષ્ટ અને અસ્પષ્ટપણે ઘણે સ્થળે દેખાયા કરે છે. જ્યાંસુધી તે દોષો દૂર કરવામાં આવશે નહીં, ત્યાંસુધી જૈન પ્રજા ઉન્નતિનું દર્શન કરવાને ભાગ્યશાળી થશે નહીં, જેમ આત્મિક ઉન્નતિ મેળવવામાં કામ ક્રોધાદિ અંતરંગ છ શત્રુઓને દૂર કરવાની જરૂર છે, તેમ કોમની ઉન્નતિ કરવામાં ઉપર્યુક્ત છ દોષો દૂર કરવાની જરૂર છે.

એ છ દોષોમાં **વર્ત્તમાન સમયની સ્થિતિનો અવિચાર**—એ પેહેલા દોષનું વિવેચન કરવું આવશ્યક છે. સાંપ્રતકાલે વિવિધ જ્ઞાતિઓમાં સમય પરત્વે અનેક જાતની સુધારણા થવા લાગી છે, ત્યારે જૈન કોમનું એ સુધારા તરફ દુર્લક્ષ છે. જ્ઞાતિમાં પરંપરાથી ચાલ્યા આવતા કુરીવાજો ઉપર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે, જૈન કોમ એ સુધારણા કરી શક્તી નથી. કદિ જો સત્તા વગરનો આશ્રિત વર્ગ વિદ્વાન બની તેવા ઉપદેશો કરવા જાય છે, તો તેને હડાવી દે છે. કદિ ધર્મિ વર્ગ એવી સુધારણા કરવા આગળ પડે છે. તો વ્યાપારિ વર્ગ તેનો પરાભવ કરવા મંડી જાય છે. જો કદિ આશ્રિત વર્ગના ઉપદેશથી સારાસાર વિચાર કરવાને અસમર્થ એવો વ્યાપારી વર્ગ સુધારણા કરવા ઇચ્છે, તો ધર્મિ વર્ગ તેને નિરૂત્સાહ કરી દે છે—આ પ્રમાણે તે વર્ગની ત્રિપુટીની એકતા ન હોવાથી વર્ત્તમાન સમયની સ્થિતિનો વિચાર સિદ્ધિ તરફ આવી શકતો નથી. આથી કોમની ઉન્નતિના ઉત્તમ કાર્યો—જેવાં કે, જ્ઞાતિ સુધારણા, નવીન કેળવણી સંપાદાન કરનારાઓને પૂર્ણ સહાય, અનાથ નિરાશ્રિતોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્યોગના દાન, સાધર્મિ વ્યાપારીઓને સગવડતા કરી આપવાની યોજના, ધનવંતોના ધનનો સદુપયોગ, સ્વકોમ કે સ્વજ્ઞાતિમાં વિવિધ પ્રકારના ઉત્કર્ષને સાધનારી સંસ્થાઓ ઇત્યાદિ સિદ્ધ કરી શકાતાં **નથી. તેથી વર્ત્તમાન સમયની સ્થિતિનો અવિચાર**—એ પ્રથમ દોષ આપણી ઉન્નતિનો બાધક બને છે તે સર્વથા ત્યાજ્ય છે.

**વર્તમાન** સમયની સ્થિતિનો વિચાર કરવાની વાત તો એક તરફ રહી પણ **વર્તમાન** સમયની સ્થિતિને પ્રતિકૂલ એવા વર્ત્તનનો આગ્રહ રાખવામાં આવે છે, આ બીજો મહાન્ દોષ આપણી જૈન પ્રજામાં ઘર ઘાલીને બેઠો છે. ન્યાયી બ્રીટીશ રાજ્યની શીતળ છાંયા નીચે વૃદ્ધિ પામેલી વર્ત્તમાન કાલે અનેક પ્રકારની કલા-કૌશલ્યની વૃદ્ધિ કરવા ઉંચી જાતની કેળવણી સંપાદન કરવી જોઇએ. તેવી કેળવણી લેવાને માટે ઉત્સાહી યુવાનોને આગળ પાડવા જોઇએ. અને તેવાઓને કળા કૌશલ્યા અને ઉદ્યોગ હુન્નરમાં આગળ વધેલા દેશોમાં ધર્મ સાચવી ઉદ્યોગ હુન્નરનું જ્ઞાન મેળવે તેવા સાધનો પૂરા પાડી માર્ગ ખુલ્લા મુકવા જોઈએ. તેમનામાં સાધનોની જેટલી ન્યુનતા હોય, તે ન્યુનતા દુર કરી પૂર્ણતા કરવી જોઇએ.

**સાંપ્રતકાલે ધર્મના આડંબરી માર્ગોમાં (જેની કે હાલમાં જરૂર નથી તેમાં) ધનનો વ્યય ન કરતાં ધર્મની વૃદ્ધિના સુક્ષ્મ માર્ગો જેની કે હાલ જરૂર છે, તે ગ્રહણ કરી તેમાં વ્યય કરવો જોઈએ.** પૂર્વના મહાન્ આચાર્યોએ અને વિદ્વાનોએ જે ગ્રંથો લખેલા છે, તે ગ્રંથોનું વિવિધ ભાષામાં અવતરણ કરવું જોઇએ. તેમજ નવી પદ્ધતિ ઊપર તેમના ધાર્મિક વિચારો ઉપર સ્પષ્ટીકરણ કરનારા વિવેચનો કરાવવા જોઇએ. દેવાલયો અને ધર્માલયોની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા રાખવાને માટે સ્થાનિક ગૃહસ્થોની સંસ્થાઓ નીમવી જોઇએ. ધર્મગુરૂઓ અને ઉપદેશકોને માટે ઉત્તમ વ્યવસ્થા કરવી જોઇએ. શ્રીમંતોના દ્રવ્યનો પ્રવાહ એવી ઊત્તમ યોજનાઓમાં વહન કરાવવો કે જેથી ધર્મના જ્ઞાન, આચાર અને ક્રિયા માર્ગને પૂર્ણ રીતે ઉત્તેજન મલી શકે. હાલ આપણી એથી વિરૂદ્ધ રીતે પ્રવૃત્તિ થાય છે. આ મહાન્ દોષથી ઉન્નતિના વિશાળ રાજ્ય માર્ગને આપણે અટકાવીએ છીએ.

## સંઘ અથવા સમાજની આડંબરી સત્તાનો લોભ.

આ ત્રીજો મહાન્ દોષ આપણી ઉન્નતિના ઉદયગિરિને ખડકની જેમ આડો આવે છે. આપણી કોમના ઘણા મનુષ્યો સંઘપતિ, જ્ઞાતિ અગ્રેસરોની સત્તા મેળવવાના લોભી બને છે. સંઘ અને જ્ઞાતિના અગ્રેસરોમાં પોતાની ગણુના થાય, એવી અંતરમાં ઇચ્છા રાખ્યા કરે છે અને તેને માટે વિવિધ પ્રકારના અનુચિત ઉપાયો લીધા કરે છે. પોતે સંઘ કે જ્ઞાતિનો અગ્રેસર થવામાં અધિકારી છે કે નહીં? તે વિચાર તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદય ઉપર આરૂઢ થતોજ નથી. આથી શું બને છે કે જેઓ કુલપરંપરાથી સંઘ કે જ્ઞાતિના અગ્રેસર હોય, તેવાઓ કદિ કોઇ સ્વાર્થ ભરેલા કારણને લઇને સંઘ કે જ્ઞાતિના હિતકારક કોઇ વિષયની વિરૂદ્ધ મતવાળા બન્યા હોય, તેવાઓની મદદમાં તેવા લોકો ઉત્તેજક બને છે. સંઘની સત્તાના લોભથી બીજા અગ્રેસરોની અઘટિત ખુશામત કરવા તેઓ આગળ પડે છે અને તેથી સંઘના આશ્રિત જનોને ઘણાં હાનિકારક થઇ પડે છે. પછી તેવા સત્તાના લોભી પુરૂષો પોતાને મદદરૂપ થાય, એવા હેતુથી સંઘના -જ્ઞાતિના અગ્રેસરો તેમને પોતાના હથીયારરૂપ બનાવે છે. જે ઘણી વખત આપણે જોઇએ છીએ. આથી આ ત્રીજો દોષ આપણી ઉન્નતિમાં મહાન્ અંતરાય રૂપ થાય છે તેને દૂર કરવા માટે પ્રયત્ન કરવાની જરૂર છે.

ચોથો દોષ **કપટબલથી કીર્ત્તિ મેળવવાની ઇચ્છા છે.** આ દોષની પ્રબળતા ઘણાં સેહેર અને ગામડામાં વિશેષ જોવામાં આવે છે. સંઘ અથવા જ્ઞાતિના કે કોઇ ધર્મના કાર્યમાં કીર્તિ મેળવવાને સર્વનો પ્રયાસ હોય છે. કીર્તિની અપેક્ષા રાખ્યા શિવાય કાર્ય કરવું જોઈએ " એ નીતિનું અને ધર્મનું મહાન્ સૂત્ર તો એક તરફ રહ્યું, પણ પ્રપંચના બળથી ખોટી કીર્ત્તિ મેળવવાનો લોભ રાખવો, એ અધમ કૃત્ય ગણાય છે. કેટલાએક મનુષ્યોને આડુ અવળું સમજાવી-દોરી કીર્ત્તિના ભાજન પોતે થવાની ઇચ્છા રાખે છે. કદિ હૃદયમાં તેવી ઇચ્છા રાખી માત્ર ભાવના ભાવતા હોય તો ઠીક, પણ તેવી વ્યર્થ કીર્ત્તિ મેળવવા માટે અનેક જાતના પ્રપંચની જાળ પાથરે છે અને તે જાળની અંદર ભોળા હૃદયના અનેક મનુષ્યોને ફસાવી દે છે. આ પ્રવૃત્તિ ઉન્નતિનાપ્રકાશમાં અંધકારરૂપ બને છે તેને માટે એક ઇંગ્લીશ વિદ્વાન્ સંક્ષેપમાં લખે છે કે—

" જે મનુષ્યજાતિના હિતનો નાશ કરીને કીર્તિ મેલવવા ઇચ્છે છે, તે એક રાક્ષસ છે. પણ મનુષ્ય નથી. તેમજ ખરી કીર્તિ આ પ્રકારે પ્રાપ્ત કરી શકાતી નથી. કીર્તિ એ સદ્ગુણના પ્રકશ કરતાં કાંઇ બીજું અધિક નથી. ક્ષમા અને શુભેચ્છા, એ કીર્તિની જન્મ ભૂમિ છે. જેટલી અપ્રમાણિક રીતે કીર્તિ શોધનામાં આવે છે. તેટલા પ્રમાણમાં કીર્તિને માટે તેની ન્યૂન યોગ્યતા ગણાય છે "

ઇંગ્લીશ વિદ્વાન્ના આ વાકયો અક્ષરશઃ સત્ય છે. તેથી પ્રપંચના બળથી કીર્તિ મેળવવાની ઇચ્છાનો દોષ સર્વથા ત્યાજ્ય-અનાદરણીય છે. તે જૈન પ્રજાની ઉન્નતિના શિખરને તોડનારો થઇ પડયો છે. એ દોષથી દૂષિત થયેલા અગ્રગણ્ય જનો સંઘના મહાન્ સામર્થ્યને તોડી પાડે છે.

પાંચમો દોષ **લોભનું રક્ષણ કરી સ્પર્ધા કરવાની અભિલાષા છે.** એ દોષ હાલ કેટલાએક સ્થળે અગ્રેસરોના હૃદયોમાંજ વ્યાપી ગયો છે. કેટલાકએક કાર્યોમાં સ્પર્ધા દોષ રૂપ છતાં ગુણરૂપ ગણાય છે, તેથી સ્પર્ધાના મુખ્ય બે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાર માનેલા છે. ગુણસ્પર્ધા અને દોષસ્પર્ધા. ધર્મ કે બીજા સદ્ગુણો મેળવવા ને માટે જે સ્પર્ધા કરવી તે ગુણસ્પર્ધા કહેવાય છે. એ ગુણસ્પર્ધા હૃદયની શુદ્ધિ સાથે પ્રગટ કરવાથી કલ્યાણકારિણી થઇ પડે છે; તેથી તે સર્વથા અત્યાજ્ય ગણાય છે. જે બીજાને હાનિ કરવાને માટે ઇર્ષ્યા, દ્વેષ કે માત્સર્યને લઇને સ્પર્ધા કરવામાં આવે, તે સ્પર્ધા હૃદયની મલિનતા સાથે પ્રગટ કરવાથી દોષસ્પર્ધા કહેવાય છે. તે અનંત કર્મની બાંધનારી થાય છે. સાંપ્રત કાલે પ્રથમની ગુણસ્પર્ધાનો અભાવ જોવામાં આવે છે અને બીજી દોષસ્પર્ધાને આદર આપવામાં આવે છે. દોષસ્પર્ધાની અંદર પણ જો ઉદારતા રહેલી હોય, તો તે સ્પર્ધા કાંઇક ક્ષંતવ્ય છે, પણ જો લોભના રક્ષણ સાથે તે સ્પર્ધા કરવામાં આવે છે તો તે કદિપણ ક્ષંતવ્ય થઇ શકતી નથી. હાલમાં આગેવાનો પોતાની સત્તા રાખવાને માટે પોતાનો ઉત્કર્ષ અને બીજાનો અપકર્ષ થાય તેવી રીતે સ્પર્ધા કરે છે અને તે સ્પર્ધાની અંદર લોભનું પ્રાધાન્ય રાખવામાં આવે છે.

આ પ્રમાણે લોભનું રક્ષણ કરી સ્પર્ધા કરવાની અભિલાષાનો આ દોષ જૈનોન્નતિનો તોડનારો થઇ પડયો છે. ઉત્તમ ભવ્યાત્મા અગ્રેસરો પોતાના હૃદયમાં એ દોષ સ્પર્ધાને સ્થાન આપતા નથી, તેઓ તો જે કોઇ શ્રદ્ધાળુ ગૃહસ્થ ઉદારતાને આગળ કરી પારમાર્થિક કાર્ય સાધતો હોય, તેને આગળ પડવા દેવાને માટે સદા તત્પર રહે છે; કારણ કે, તે ઉત્તમ ગૃહસ્થો સમજે છે કે, આવા પારમાર્થિક કાર્યમાં દોષ સ્પર્ધા રાખવાથી તે કાર્યને મોટી હાનિ પોહોંચે છે. સાંપ્રતકાળના મનુષ્યોના હૃદયમાં આવો ઉચ્ચ વિચાર આવતો જ નથી. તેમની દૃષ્ટિ સ્પર્ધાના અંધકારથી આચ્છાદિત થઇ ગઇ છે. આથી કરીને જૈન પ્રજા ઉન્નતિના ઉચ્ચ શિખરથી ઘણીજ દુર રહે છે.

દોષસ્પર્ધા એ ઉન્નતિનો વિરોધી એવો મોટો અવગુણ છે. એ અવગુણના યોગે સંઘ અને જ્ઞાતિના અગ્રેસરોને સ્વકર્ત્તવ્યથી તદ્દન વિમુખ કરી દીધા હોય તો તે બનવાજોગ છે. પરમ કર્ત્તવ્ય માર્ગના પગથીઆ તેઓ ચુકી ગયા હોય તો પણ તે સંભવ છે. જ્યારે જૈન પ્રજાનું ભાગ્ય ઉન્નતિ પ્રાપ્ત કરવાને સન્મુખ થશે ત્યારેજ અગ્રેસરોના હૃદયમાંથી દોષસ્પર્ધાનો અસ્ત થઇ જશે. જ્યાંસુધી જૈન પ્રજા એ ભાગ્ય મેળવવા પુણ્યવંતી થઇ નથી,ત્યાંસુધી તેવા લુબ્ધ અગ્રેસરો સ્પર્ધાદોષને દુર કરવા તત્પર થશે નહીં. આપણે શાસનના અધિષ્ટાયક દેવની પાસે એટલી પ્રાર્થના કરીએ છીએ કે, સંઘ અને જ્ઞાતિના અગ્રેસરોના હૃદયમાં જો દોષસ્પર્ધા હોય તો તે નાશ થઇ જાઓ કે જેથી તેઓ સ્વકર્ત્તવ્યનું શુદ્ધ સ્વરૂપ સમજી પોતાની સત્તાનો સદુપયોગ કરે.”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનોન્નતિને ભંગ કરનારો છેલ્લો દોષ કુસંપના કારણોને પોષણ મળે તેવા વર્ત્તનો કરવાનો છે. આ દોષની પ્રવૃત્તિ સાંપ્રતકાલે ( ઉંદર મારીને ડુંગર ખોદવાનીપ્રવૃત્તિ) વિશેષ જોવામાં આવે છે; એથીજ જૈન પ્રજા ઉન્નતિનો પરમ લાભ મેળવી શકતી નથી. પ્રથમ કુસંપના કારણો કયા કયા છે ? તે જાણવાનું છે. કુસંપ એ માનવ જીવનને વિષમય કરનારો દુર્ગુણ છે. એ દુર્ગુણને લઈને આર્યાવર્ત્ત અવનતિને પામેલો છે. રાજ્ય, ધર્મ અને વ્યવહાર–એ ત્રિપુટીનો યોગ છિન્ન ભિન્ન કરનાર કુસંપ છે. એવા કુસંપના મુખ્ય કારણો અવશ્ય જાણવા જોઈએ. સ્વાર્થ, અભિમાન અને સત્તાલોભ તેમજ કાર્ય પરત્વે ઈર્ષા દોષ કુસંપને ઉત્પન્ન કરનારા છે. જેમ વાત, પિત્ત અને કફ એ ત્રણના દોષથી–ત્રિદોષથી **સંનિપાત** નામે પ્રાણહર રોગ ઉત્પન્ન થાય છે, તેમ સ્વાર્થ, અભિમાન અને સત્તાલોભ વિગેરે દોષથી કુસંપ નામનો મહા રોગ ઉત્પન્ન થાય છે. સંનિપાત તો જેને લાગુ થયો હોય, તેના એકનાજ પ્રાણ હરે છે. અને કુસંપરૂપ સંનિપાત તો આખી જ્ઞાતિ–કોમના ધર્મ ઉદયરૂપ પ્રાણને હરી લે છે. જૈન પ્રજાનું ઉન્નતિ જીવન પણ કુસંપેજ હરવા માંડયું છે. સાંપ્રત કાલે જે દેશ, શેહેર કે ગામમાં કુસંપ હોય છે, તે સ્થળના સંઘ કે જ્ઞાતિનો અધઃપાત થયેલો જોવામાં આવે છે. કુસંપના સ્વાર્થ, અભિમાન ઈર્ષા વિગેરે ત્રણ કારણોને હાલ પોષણ આપવામાં આવે છે. જૈન પ્રજાનો મોટો ભાગ એ પોષણના કાર્યમાં પ્રવર્ત્તેલો છે. પ્રથમ કારણ સ્વાર્થ જૈન વર્ગમાં જડ ઘાલીને બેઠો છે. નિઃસ્વાર્થ વૃત્તિનો તદન લોપ થતો જાય છે. તેમાં પણ જેઓ નેતાઓ છે, તેઓ તો ખરેખરા સ્વાર્થપૂજક બની ગયેલા દેખાય છે. સ્વાર્થરૂપી ગુડે ગળેલાઓ દિગ્મૂઢ બની જાય છે અને તેમનામાં સંકોચવૃત્તિ ઉત્પન્ન થાય છે. સ્વાર્થ એ જીવનની મહત્તાને લોપ કરનારો ભયંકર અવગુણ છે. એ અવગુણને લઈને લોકોને ઉજ્વલ ન્યાય મળતો નથી. સ્વાર્થને માટે એક વિદ્વાન્ આ પ્રમાણે લખે છે—

> " स्वार्थो विषद्रु र्जगति, धर्म न्यायासुनाशकः ।
> तच्छाया माश्रितानां च, जीवन भ्रष्ट कारणम् " ॥ १ ॥

"સ્વાર્થ એ આ જગતમાં ઝેરી વૃક્ષ છે. તે ધર્મ અને નીતિ રૂપ પ્રાણને નાશ કરનારૂં છે. જેઓ તે સ્વાર્થ રૂપી ઝેરી વૃક્ષની છાયાનો આશ્રય કરે છે, તેઓને તે જીવનની ભ્રષ્ટતાનું કારણ થાય છે." ૧

જ્યાં આવી અધમ સ્વાર્થ વૃત્તિ રહેલી છે, ત્યાં કુસંપનો પ્રાદુર્ભાવ થયા વિના રહેતો નથી. તેથી ઉત્તમ પુરૂષોએ સર્વથા સ્વાર્થ વૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુસંપનું બીજું કારણ **અભિમાન** છે. તે અભિમાન ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ પ્રકારનું થઇ શકે છે. ધર્મ, નીતિ, સદાચાર અને સદ્વર્ત્તન સંબંધી જે અભિમાન છે, તે ઉત્તમ—અભિમાન ગણાય છે. એ અભિમાન પ્રાયઃકલ્યાણ માર્ગે લઇ જનારૂં છે. પોતે કરેલી કોઇ પ્રતિજ્ઞા અથવા પોતે ધારેલા કાર્યો પાર ઉતારવાનું જે અભિમાન તે મધ્યમ અભિમાન કહેવાય છે. કુલાભિમાન અને જાત્યાભિમાન—એ મધ્યમ અભિમાનમાં ગણાય છે. એ અભિમાન વ્યવહાર અને લોકાચારને માર્ગે કીર્ત્તિને આપનારૂં થાય છે. ધન, રૂપ, બલ અને જ્ઞાન સંબંધી જે અભિમાન છે, તે ત્રીજું અધમ અભિમાન ગણાય છે. એ અભિમાન અધો ગતિને આપનારૂં છે. એ ત્રિવિધ અભિમાનને લઇનેજ કુસંપ ઉત્પન્ન થાય છે.

કુસંપનું ત્રીજું કારણ આગેવાનીપણુનો લોભ છે. સંઘ અને જ્ઞાતિમાં પોતાની સત્તા રાખવાને માટે અનેક જાતની છલ—કપટની યુકિતઓ રચવી પડે છે અને તેને લઇને કુસંપનો જન્મ થઇ આવે છે.

આ પ્રમાણે સ્વાર્થ, અભિમાન અને મોટાઈનો લોભ એ ત્રિવિધ કારણથી ઉત્પન્ન થયેલો કુસંપ જૈન પ્રજાના એકત્ર જીવનનો નાશ કરી અનેક જાતના ઉપદ્રવો ઉભા કરે છે જે હાલ આપણે જોઇએ છીએ. અને તેથી જૈન પ્રજા પોતાની ઊન્નતિને સાધવાને અસમર્થ બની ગઇ છે. જેના ઉપર સંઘ અને જ્ઞાતિની ઊન્નતિ કરવાનો આધાર છે, તેવા અગ્રેસરોનું કેટલેક સ્થળે એવું વર્ત્તન છે કે જેથી કુસંપના કારણોને પૂરેપૂરૂં પોષણ મળે છે. સાંપ્રતકાળે એવા વર્ત્તનનો ત્યાગ કરી અગ્રેસરોએ **જૈન પ્રજાની** ઉન્નતિ કરવાને તન, મન અને ધનથી પ્રયત્ન કરવો જોઇએ. જૈન શાસનના અધિષ્ઠાયક દેવતાને અમારી એજ પ્રાર્થના છે કે, જૈન પ્રજાના અગ્રેસરોના હૃદયમાં એવી પ્રેરણા કરો કે જેથી તેઓ જૈનોન્નતિના સર્વ દોષોનો નાશ કરી પોતાની આશ્રિત જૈન પ્રજાની ઉન્નતિ સાધવાને શુદ્ધ હૃદયથી પ્રવૃત્તિ કરે.

આ પ્રમાણે જૈનોન્નતિના છ દોષો દૂર કરવાથી જૈનપ્રજા પોતાની ઉન્નતિ સત્વર સાધી શકશે. એ નિઃસંશય છે. સાંપ્રતકાલે જ્યારે સર્વ પ્રજા ઉન્નતિના સાધનો મેળવવાને પ્રવૃત્તિ કરે છે, ત્યારે જૈન પ્રજામાં હજુ એ પ્રવૃત્તિ શિથિલ છે; તેથી જૈન પ્રજાએ ઉન્નતિ સાધવાને માટે ઊગ્ર પ્રવૃત્તિ કરવી જોઈએ. ઉન્નતિ વગરનું પ્રજા જીવન તદ્દન નકામું છે. એક વિદ્વાન્ લખે છે કે, “વૃક્ષો પણ જીવે છે, મૃગ વિગેરે પશુ પણ જીવે છે, તથાપિ જેનું જીવન ઉન્નતિ ભરેલું નથી, તે વાસ્તવિક રીતે જીવતા નથી. ‘જીવવું’ એ તો સર્વ સામાન્ય છે. સર્વત્ર, જડ ચેતન એવા આપણે માનેલા સર્વ વિભાગોમાં પણ જીવવું એ પ્રસિદ્ધ છે, પણ તે બધું માત્ર જીવવુંજ છે. સત્ય જીવન તે તો ઉન્નત જીવન હોય તેજ છે.” તે વિદ્વાન્‌ના ઉદ્ગારો અક્ષરશઃ સત્ય છે. મનુષ્ય જીવનમાં પરમ સાધ્ય ઉન્નતિજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે એ ઊન્નતિ કેવા પ્રકારની હોવી જોઇએ, એ વિચારણીય છે. ઊન્નતિના વિવિધ પ્રકાર થઇ શકે છે, પરંતુ ખરી ઊન્નતિ બે પ્રકારની છે. ધાર્મિક અને વ્યવહારિક. તેમાં પણ ધાર્મિક ઊન્નતિ અતિ આદરણીય છે; કારણકે, એ ઉન્નતિ વ્યવહારની ઉન્નતિની પોષક છે. એ ઉભય ઉન્નતિ સાધવાનો મુખ્ય મંત્ર સ્વાર્પણ અને કર્ત્તવ્ય છે. અભિમાનની વૃત્તિનો ત્યાગ કરી પોતાને જે પ્રાપ્ત થયું હોય, તે બધું પોતાના વર્તનમાં પ્રદર્શિત કરવું, એ સ્વાર્પણનો અર્થ છે. એવા સ્વાર્પણ પૂર્વક કર્ત્તવ્ય કરવામાં આવે ત્યારે ધર્મ અને વ્યવહાર ઉભયની ઉન્નતિ સાધી શકાય છે. અને પોતાના લાભને અર્થે કે પોતાના કરતાં વધારે જનસમૂહને આખા વિશ્વના લાભને માટે અભિમાન વિના પોતાના સદ્‌ગુણોનો અને સાધનોનો ઉપયોગ કરવો એ જીવનની ઉન્નતિનો પરમ માર્ગ છે. જ્યારે એ માર્ગને ગ્રહણ કરવામાં આવશે ત્યારેજ જૈનપ્રજા પોતાની ઉન્નતિનું દર્શન કરી શકશે. અધિષ્ટાયક દેવો તેમને ઉન્નતિનું દર્શન સત્વર કરાવો.

"તથાસ્તુ"

# मानतोऽपिधर्म ?

## અભિમાનથી શું ધર્મપ્રાપ્તિ થઇ શકે છે ?

લેખક, મુનિ મણિવિજયજી. મુ. લુણાવાડા.

**માન**—પ્રિય બાંધવ શું માનથી ધર્મ પ્રાપ્ત થઇ શકે છે ? માન શબ્દનો અર્થ એવો થાય છે કે માન એટલે સ્તબ્ધપણું. દુર્વિનિતિપણું, ઉદ્ધતાઇપણું, કોઇને પણ નહિ નમસ્કારપણું, અહંકારીપણું, અભિમાનીપણું તેને માન કહેવાય છે. કહ્યું છે કે:—

यतः—

माणोमयऽहंकारो, परपरिचाउ अअत्तउक्करिसो,
परपरि भवो अ तहा, परस्स निंदा असूआय. ॥ १ ॥
हीला निरोवया रित्तणं, निरुवणामया अ विण उअ,
परगुण पच्छाडणया, जीवंपाडंति संसारे. ॥ २ ॥ जुयलं.

**ભાવાર્થ**—માન, મદ, અહંકાર તથા પરના ગુણોને ત્યાગ કરી પરને હલકા પાડવા; એટલે બીજાનું ખોટું કહેવરાવવું તથા પોતાના આત્માનું ઉત્કૃષ્ટપણું બતાવી, પોતાની પ્રશંસા કરવી તથા પરભાવને વિષે મગ્ન થવું, તેમજ પરનો પરાભવ કરવો, પરના ઉપર ઇર્ષ્યા કરી દ્વેષબુદ્ધિ ધારણ કરવી, પરની હિલના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખિંસના કરવી, પરોપકારનો ત્યાગ કરવો, એટલે કોઇના ઉપર ઉપકાર કરવાની બુદ્ધિનો ગંધ માત્ર પણ રાખવો નહિ, પરને નમસ્કાર પણ કરવો નહિ, અવિનિત તથા ઉદ્ધતાઇને ધારણ કરવી, પરના ગુણને દેખી બળી જઈ તેના ગુણને ભ્રષ્ટ કરવાની બુદ્ધિ સતેજ કરવી, આ સમગ્ર દોષ જેના વિષે હોય છે, તે અભિમાની કહેવાય છે. આવા દુર્ગુણોને સેવનાર પ્રાણીને આ દુર્ગુણો સંસારને વિષે નાખે છે, અર્થાત્ ઉપરના દુર્ગુણોને અંગીકાર કરનાર પ્રાણીને સંસાર ચક્રવાલને વિષે પરિભ્રમણ કરવું પડે છે. માટે–માનને–જ્ઞાની મહારાજાઓએ મહા દુષ્ટમાં દુષ્ટ કહેલો છે.

જે માટે યોગશાસ્ત્રને વિષે **શ્રીમાન્ હેમચંદ્રસૂરી મહારાજે** કહ્યું છે કે–

## यदुक्तं योग शास्त्रे श्री हेमचंद्रसूरिभिः

विनय श्रुतशीलानां, त्रिवर्गस्य घातक,
विवेक लोचनंलुंपन्, मानोंऽधंकरणो नृणां. ॥ १ ॥

**ભાવાર્થ**—માન છે તે વિનય, શ્રુત, શીયલ તેમજ ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામનો ઘાત કરનારો છે. મનુષ્યોના વિવેકરૂપી નેત્રોનો લોપ કરી, અર્થાત્ વિવેકનો નાશ કરી અંધ કહેતા આંધળાપણાને ઉત્પન્ન કરનાર છે. જે પ્રાણીયો માન કરે છે, તેના વિવેકરૂપી નેત્રો હણાઇ જવાથી અજ્ઞાન વૃદ્ધિ પામે છે, અને અજ્ઞાનરૂપી અંધકારના અંધારામાં આંધળો થાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે કોઇ માણસો તો કર્મના ઉદયથી આંધળા–હોય છે તેથી તે બિચારા દેખી શકતા નથી, પણ માનાંધ એટલે માનથી જે માણસ આંધળો હોય છે તે ચક્ષુથી દેખતા છતાં પણ અંધત્વપણાને પામે છે. વળી પણ કહ્યું છે કે:—

## यतः—

जाति लाभ कुलैश्वर्य, बलरुप तपश्रुतैः,
कुर्वन्मदं पुनस्तानि, हीनानि लभते जनः ॥ १ ॥

**ભાવાર્થ**—જાતિ મદ, લાભ મદ, કુળમદ, ઐશ્વર્ય મદ, બલ મદ, રૂપ મદ, તપ મદ અને શ્રુત મદને કરનાર પ્રાણી હીનપણાને પામે છે. તાત્પર્ય કે જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બલ, રૂપ, તપ, શ્રુત વિગેરેમાંથી કોઇપણને પામી અથવા સર્વેને પામી જો ગર્વ કરે છે તો ભવાંતરને વિષે હીનપણાને પામે છે. વળી પણ કહ્યું છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यतः—

उत्सर्पयन् दोष शाखा, गुणमूलान्यधोनयन्
उन्मूलनीयो मानद्रु स्तन्मार्दवसरित् प्लवैः ॥ १ ॥

**ભાવાર્થ**—દોષ રૂપી શાખાને ફેલાવનારો, તથા ગુણ રૂપી મૂલોને નીચે લઇ જનારો એવો જે માન રૂપી વૃક્ષ છે,તેને માર્દવ ( મૃદુતા ) રૂપી નદીના પુર વડે કરી મૂલ થકી ઉત્તમ પ્રાણીઓએ ઉખેડી નાખવો તેજ સાર છે.

આઠે પ્રકારે કરેલો મદ જે છે તે ઇહલોકને વિષે પણ સનત્કુમાર ચક્રવર્ત્તિના પેઠે મહા અનર્થને ઉત્પન્ન કરવાવાલો થાય છે.

આવો સર્વથા ત્યાગ કરવા લાયક એવો જે અહંકાર તે કોઇ કોઇ જીવોને ધર્મના હેતુભૂત થાય છે.

અભિમાને સત્ય પ્રતિજ્ઞાવાળા શ્રો ગૌતમસ્વામી મહારાજ ( ઇંદ્રભુતિ ) આદિ ચુમાલીશસો બ્રાહ્મણોને દિક્ષા પ્રાપ્ત થઈ. એટલે વીર પરમાત્મા પાસે દિક્ષા અંગીકાર કરવાવાળા થયા, તે સંબંધ પ્રત્ય છે.

તથા સિદ્ધસેન દિવાકર તેમજ વૃદ્ધવાદિ મહારાજાનો સંબંધ પણ શાસ્ત્રને વિષે કહેલો છે, એટલે અભિમાની એવા સિદ્ધસેન દિવાકર મહારાજે જ્ઞાનનો મદ કરી પ્રતિજ્ઞા કરી હતી કે જે મને વાદને વિષે જીતશે,તેનો હું શિષ્ય થઇશ. વૃદ્ધવાદિ મહારાજે તેમને વાદમાં જીત્યા તેથી તેઓએ દિક્ષા અંગીકાર કરી.

આવો અભિમાન દશાર્ણભદ્ર રાજાને પણ ધર્મના મહાન્ હેતુભૂત થયેલો છે.

अभिमाने दशार्णभद्र नृप दृष्टांतो यथा=

નાના પ્રકારની રિદ્ધિ સિદ્ધિ વડે કરી ભરપૂર એવું દશાર્ણપુર નામનું એક મહાન્ નગર હતું. તે નગરની તીવ્ર રિદ્ધિ દેખી ઇંદ્ર મહારાજની નગરી અમરાવતી ઉંચે દેવલોકને વિષે ગઇ, તેમજ નાગેંદ્રની નગરી જે ભોગાવતી હતી, તે પાતાલના અંદર ગઇ. કહેવાનો સાર એ છે કે અમરાવતી તથા ભોગાવતી કરતાં પણ રિદ્ધિ-સિદ્ધિ આ નગરને વિષે વિશેષ હતી.

તે નગરનો સ્વામી દશાર્ણભદ્ર નામનો રાજા વિશેષ પ્રકારની વિભૂતિને ભજ-નારો સેવનારો હતો, તેમજ મંગલા કહેતાં પૃથ્વીને સર્વ પ્રકારે પ્રતિપાલન કરનારો હતો. એટલે ન્યાયથી પૃથ્વીને આનંદ પમાડતો હતો. પરંતુ વિરૂપાક્ષ નહોતો. એ-ટલે મહાદેવ નહોતો.

પક્ષે-મહાદેવ જેમ ભૂતિ કહેતા રક્ષાને શરીરે ચોળતા તથા મંગલા કહેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની સ્ત્રી પાર્વતિ એકલીનેજ આનંદ પમાડતા એટલે પાર્વતીના મુખમાંથી જે જે વચનો નીકલતા તે પ્રમાણે પોતે વર્ત્તિ વિરૂપાક્ષપણાને યથાર્થ રીતે અંગીકાર કરતા. આ દશાર્ણભદ્ર રાજા નાના પ્રકારની ભૃતિ સમૃદ્ધિને ભોગવતો પૃથ્વીને આનંદ પમાડતો હતો.

દશાર્ણભદ્ર રાજાને મૃગલા સમાન ચંચલ નેત્રવાલી પાંચસો રાણીયો હતી. તે રાણીયોના પાસે અનિમેષપણાને ભજનારી એવી દેવાંગનાઓ પણ શોભાને પામતી નહોતી.

અર્થાત્ સ્થિર દૃષ્ટિવાળી દેવાંગનાઓ પણ ચંચલ નેત્રવાલી રાજાની પાંચશો રાણીયો કરતા અધિક નહોતી; કિંતુ ન્યુન હતી. કહેવાનું તાત્પર્ય એ છે કે રાજાની પાંચશો રાણીયોના રૂપ સૌંદર્ય દેવાંગના કરતા પણ વિશેષ હતા. રૂપ યૌવન લાવણ્ય તેમજ ચ્યાર પ્રકારના સૈન્ય ( હસ્તી, ઘોડા, રથ અને પાયદળ ) વડે કરી તેમજ નાના પ્રકારની લક્ષ્મી તથા વિવિધ પ્રકારના ભોગો વડે કરી રાજા વિચાર કરે છે કે, આવા વૈભવ વડે કરી મહારા સમાન ત્રણે લોકમાં કોઈપણ નથી.

એકદા દશાર્ણપુર નગરના ઉદ્યાનને વિષે ચરમ તિર્થંકર મહારાજ શ્રી વીર પરમાત્મા સમવસર્યા. ( પધાર્યા. ) તે સમયમાં ઉદ્યાનપાળે આવી વધાપના ( વધામણી ) આપી તે સાંભળી રાજા ચિંતવના કરવા લાગ્યો કે કોઇયે ભગવાનને નહિ વંદન કર્યું હોય તેવી રીતે પ્રાતઃકાલે હું ભગવાનને વંદના કરીશ.

ત્યારબાદ પ્રભાતકાલને વિષે સમગ્ર રિદ્ધિસિદ્ધિ, અંતઃપુરના પરિવાર, તથા ચ્યાર પ્રકારના સૈન્યના પરિવાર અને નગરના લોકો સહિત સહવર્ત્તમાન વિભૂષિત થઇ મ્હા આડંબરથી પ્રભુને વંદના કરવા ચાલ્યો.

એવા સમયને વિષે ઘણાજ પરિવારના સમુહથી અચાલા કહેતા નહિ ચલાયમાન અર્થાત્ સ્થિર એવી અચલા કહેતા પૃથ્વી પણ કંપાયમાન થવા લાગી. આવી પૃથ્વીને સૈન્યના તેમજ પોતાના પરિવારથી નમાવતો ચાલ્યો. દશાર્ણભદ્રરાજા જ્યારે વીર પરમાત્માના નજીક ભાગને વિષે ગયો, તે અવસરે ઇંદ્ર મહારાજ અવધિજ્ઞાનથી તેના ભાવ જાણી વિચાર કરવા લાગ્યા કે, અહો! અહો! જેણે સ્વર્ગના વૈભવને બીલકુલ દેખેલો નથી, એવો વરાક કહેતા રાંકડો બીચારો કુવાના દેડકા જેવો આ રાજા ખર્ખરં ગર્વને કરે છે, માટે મહારે તેનો ગર્વ મહારી રિદ્ધિ દેખાડી, ઉતારવો જોઇયે. એમ ચિંતવના કરી, ઉત્તમ વૈભવની વિકુર્વણા કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यतः—

चउसट्ठिकरिसहस्सा, चउसठ्ठिसअट्ठदन्तअट्ठसिरा,
दंतेअअेगमेगे, पुक्खरणीओ अ अट्ठट्ठ, ॥ १ ॥

ભાવાર્થ:—ચોસઠહજાર હસ્તિને વિકુર્વણા કરી, દરેક હસ્તિને પાંચશેનેબાર બાર મસ્તક કર્યા, મસ્તકે મસ્તકે આઠ આઠ દંતુશળ કર્યા, દંતુશળે દંતુશળે આઠ વાવડીયો વાવો કરી, વાવે વાવે આઠ આઠ કમળ કર્યા, કમળે કમળે લક્ષ લક્ષ પાંખડીયો ( પત્રો ) કર્યા, પત્રે પત્રે બત્રિશ દેવકુમાર તેમજ બત્રિશ દેવકુમરી વિગેરે બત્રિશ બદ્ધ નાટારંભની રચના કરી, વીર પરમાત્માના મનોહર ગુણગ્રામને કરતા ઈંદ્ર મહારાજ ગગનમંડળથકી ઉતરતા દશાર્ણભદ્રના મસ્તક ઉપર આવ્યા.

ઈંદ્ર મહારાજની સ્વર્ગની મહા સમૃદ્ધિને દેખી-દશાર્ણભદ્ર રાજા વિચાર કરે છે કે—અહો ટિટ્ટિભ નામના પક્ષિના પેઠે મેં ફોગટ ગર્વ આ શું કર્યો! હું તો કેવળ મનુષ્યનો કીટ ( કીડોજ ) છું. કયાં ઈંદ્ર મહારાજની રિદ્ધિ અને કયાં તો મહારી રિદ્ધિ; અર્થાત્ ઈંદ્ર મહારાજની રિદ્ધિ પાસે મહારી રિદ્ધિ તૃણપ્રાયઃ કહેતા તૃણતુલ્ય છે. આવા ફોગટ અભિમાનના ડોળથી મેં તિર્થંકર મહારાજની આશાતના કરી.

ત્યારબાદ તત્કાળ-દિવ્ય અને મનોહર વૈભવ, સમગ્ર રાજ્યરિદ્ધિ અને રમણીના પરિવારને ત્યાગ કરી, વીરપરમાત્મા પાસે દિક્ષા અંગીકાર કરી દશાર્ણભદ્ર મુનિ સાધુઓની સભાને વિષે બેઠા.

ગજારૂઢ એવા ઈંદ્ર મહારાજ પણ ગજના ઉપરજ બેઠેલા, વીરપરમાત્માને પ્રદક્ષિણા દેઈ, વંદના નમસ્કાર કરી, યથા ક્રમવડે મુનિયોને વંદન કરવા લાગ્યા. તે વખતે સાધુઓની પંકિતને વિષે બેઠેલા દશાર્ણભદ્ર રાજર્ષિને જોઈ વિસ્મય પામી ઈંદ્ર મહારાજ બોલ્યા.

હે રાજર્ષિ! તમે તમારી પ્રતિજ્ઞા પૂર્ણ કરી મને જીતેલો છે, કારણ કે આપ સાહેબે જે વ્રત અંગીકાર કર્યું તે કરવાની મારી શકિત નથી માટે મહારો અપરાધ ક્ષમા કરો. આવી રીતે કહી ઈંદ્ર મહારાજ ગયા.

ત્યારબાદ સંયમનું પ્રતિપાલન કરનારા દર્શાણભદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ત્યારે પણ ઈંદ્ર મહારાજે આવી પ્રદક્ષિણા કરી વંદના નમસ્કાર કરી કહેવા લાગ્યા કે હે પ્રભો! હે સ્વામિન્! આપ ખરેખર સત્ય પ્રતિજ્ઞાવાલા છો પૂર્વે પણ આપે મને જીતેલ છે અને હાલમાં પણ વિશેષે કરી જીતેલ છે. આવી રીતે ગુણ ગાન કરતા. ઈંદ્ર મહારાજ સ્વસ્થાને ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી રીતે. અભિમાનથી પણ કરેલો ધર્મ દશાર્ણભદ્રને મહા ફળદાયક થયો. કહ્યું છે કે:—

यतः—

दशार्णजद्रादपरोनमानी, श्री,शांतिनाथादपरोनदानी,
श्रीशालिजद्रादपरोनजोगी, श्रीस्थूलजद्रादपरोनयोगी ॥ १ ॥

ભાવાર્થ—શ્રી દશાર્ણભદ્ર રાજા થકી બીજો એક પણ માની નથી, તેનું દ્રષ્ટાંત ઉપર પ્રમાણે પ્રસિદ્ધ છે. શ્રી શાંતિનાથ થકી બીજો એક પણ દાની નથી. કારણ કે શ્રી શાંતિનાથ મહારાજનો જીવ પૂર્વે મેઘરથ રાજા, પરમ જીવ દયા પ્રતિપાળ હતા. દેવલોકને વિષે પ્રશંસા સાંભળી, બે દેવ, સિંચાણા તથા પારેવાના રૂપ લઇ આવ્યા, તે અવસરે, શરણે આવેલા, પારેવાને ઉગારવા માટે સ્વમાંસ કાપીને તોલીને સિંચાણાને આપવા માંડયું; દેવ માયાથી સિંચાણાનું પલ્લું ભારે થવાથી પોતેજ તુલાને વિષે બેસી ગયા. દેવતા તુષ્ટમાન થઇ સ્વર્ગે ગયા, રાજાયે જીવદયાના દાન થકી તિર્થંકર નામ કર્મબાંધ્યુંને સોલમા શાંતિનાથ નામના તિર્થંકર થયા. માટે શાંતિનાથ થકી બીજો એક પણ દાતાર નથી. શ્રી શાલિભદ્ર થકી એક પણ બીજો ભોગી નથી. તેના પિતા ગોભદ્રશેઠ દિક્ષા અંગીકાર કરી સ્વર્ગે ગયા હતા. પુત્રના ઉપર તથા તેમની નવાણું સ્ત્રિયોના ઉપર—પૂર્વ ભવની રાગ દશાથી નિરંતર નવાણું નવાણું પેટીયો વિવિધ પ્રકારના વૈભવોની ભરીને મોકલતા—આવી રીતે માન વૈભવને વિષે પણ શાલિભદ્ર દેવતાના સુખનો ઉપભોગ કરતો તેથી તેના સમાન બીજો એક પણ ભોગી નથી.

શ્રી સ્થૂલભદ્ર મહારાજના સમાન બીજો એક પણ યોગી નથી. કારણ કે જેમણે પૂર્વ પરિચિત વેશ્યા કે જે કેવળ મદન મંદિર કહેતા કામદેવનું ઘરજ હતું, તેના સાથે ગાઢ સંબંધ છતાં પણ દિક્ષા અંગીકાર કર્યા બાદ તેનીજ ચિત્રશાળામાં રહી, ષડરસ ભોજન કરી, તેના હાવભાવ નાટારંભ કટાક્ષાદિકથી લગાર માત્ર પણ ચલાયમાન નહિ થઇ, કામને બાળી ભસ્મીભૂત કરી, વેશ્યાને પ્રતિબોધ કરી, વિષય વાસનાથી મુક્ત કરી, ધર્મ ધ્યાનને વિષે રૂચીવાળી કરાવી. એવા શ્રીમાન્ સ્થૂલભદ્ર મહારાજ થકી બીજો એક પણ યોગી નથી.

આવા હડહડતા માનમાં મગ્ન થનારા દશાર્ણભદ્ર રાજર્ષિને પણ માન ધર્મની પ્રાપ્તિ તથા નિર્વાણ સુખ આપવા વાળો થયો. તો જે પ્રાણી. અભિમાનને છોડી ધર્મ ધ્યાન કરે તે અલ્પ કાળમાં સદ્દ ગતિ મેળવે તેને વિષે કાંઇ પણ આશ્ચર્ય નથી.

इतिमाने दशार्णजद्र संबधंः संपूर्णः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *રતલામમાં વીર જયંતી મહોત્સવ-તેને અંગે મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજે આપેલ વીર ચરિત્ર સંબંધી ભાષણ.

શ્રી ગૌતમાય નમઃ

પ્રવર મુનિવરો ! સુશીલ સાધ્વીઓ ! સદ્ગૃહસ્થો અને શ્રીમતી શ્રાવીકાઓ !

આ મેળાવડામાં આપ અહીંઆ શ્રી મહાવીર સ્વામીની જયંતીનો જયધ્વની ફરકાવવા માટે એકત્ર થયા છો. જે દેખી મને અપૂર્વ આનંદ થાય છે. મહાશયો ! પોત પોતાના શરીરપર ખ્યાલ કરવામાં આવે તો પાંચઇંદ્રિયોનો આકાર અને વિષયાદિ દ્વારા અરસપરસ વિરૂદ્ધ છે તો પણ એકત્ર થઇ રહેવાથી શરીરની ખુબસુરતી દેખાઇ રહી છે એવી રીતે સંપ તેમજ ઐકયતાના બળથી સમાજની શોભા દેખાય છે.

સજ્જનો ! આજરોજ આપણે જે પરમાત્માની જયઘોષણા કરવા હાજર થયા છીયે, તેમના જન્મ સંબંધી જે કાંઇ જણાવું તેના ઉપર લક્ષ આપી શ્રવણ કરશો.

સુજ્ઞજનો ! આજથી ૨૫૧૨મેં વર્ષે ચૈત્ર શુદ ૧૩ના રોજ જૈનોના હિલોળાની આવકારદાયક ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનો જન્મ ક્ષત્રીકુંડનગરના ક્ષત્રીવંસી સિદ્ધાર્થ રાજાની ત્રિસલાદેવી રાણીની કુક્ષીમાં થયો હતો. તે વખતે દશે દિશાઓ સ્ફાટીક જેવી નિર્મલ થઇ રહી હતી. તેમજ સુભિક્ષના કારણથી દેશનિવાસી સર્વે લોકો બહુજ ખુશાલીમાં આવી ગયા હતા. બલ્કે તેથી પણ વધારે ઘુવડ આદિ પક્ષીઓ પણ સૂચક શબ્દ કરી રહ્યા હતા. વધારે શું કહીયે, પરંતુ ભારતવર્ષ સંપૂર્ણ આનંદમગ્ન થઇ રહ્યો હતો. તે વખતે ઇંદ્રાસન કંપવાથી અવધિજ્ઞાનદ્વારા સૌધર્મ ઇંદ્રે જાણ્યું કે, ભગવાન મહાવીર પ્રભુનો જન્મ થયો છે, જેથી તેઓશ્રીનો સ્નાત્ર મહોત્સવ કરવો તે મારી ફરજ છે. એમ સમજી તેજ વખતે સિંહાસન છોડી, શીરઝુકાવી નૈગમેષિ દેવતાને સુઘોષા નામની એક યોજન પ્રમાણવાળી ઘંટા વગાડવાનો હુકમ કર્યો. જે વખતે સર્વે દેવતા સાવધાન થયા તે વખતે નૈગમેષિ દેવે કહ્યું કે, ઇંદ્ર મહારાજ મેરૂ પર્વત ઉપર ભગવાનનો સ્નાત્ર મહોત્સવ કરવા જવાના છે જેથી સર્વે દેવ દેવીયોએ ત્યાં હાજર રહેવું. એવો હુકમ આપી ઇંદ્ર મહારાજ ત્રિશલા માતા પાસે આવ્યા અને કહ્યું કે હે ! રત્ન કુક્ષિધારી, હું ઇંદ્ર છું, અને અંતિમ તીર્થંકરનો જન્મ મહોત્સવ કરવાને આવ્યો છું. જેથી ડરશો નહીં. એમ કહી માતાને અધૈર્ય ન રહે એમ સમજીને માતાની પાસે બાળકાકાર ભગવાનની પ્રતિમા ધારણ કરી તેમજ અવસ્વાપીની નિદ્રા માતાને દઇને, ઇંદ્રે પાંચ રૂપ ધારણ કર્યાં. એક રૂપથી ભગવાનને હાથમાં લીધા, બીજા બે રૂપથી બે તરફ ચામર વીંઝવા લાગ્યા, ચોથા રૂપથી છત્ર ધારણ કર્યું તેમજ પાંચમા રૂપથી વજ્ર ધરી આગળ ચાલવા લાગ્યા. એ વખતે કરોડો દેવતાથી આકાશ સંકીર્ણ થવા પામ્યું. અતી ઉત્કંઠા સહિત મેરૂ પર્વત ઉપર પાંડુક વનમાં મેરૂ ચૂલીકાની દક્ષીણ તરફ આસન ઉપર ભગ-

* હીંદી ઉપરથી ગુજરાતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનને લઇ શક્રેંદ્ર પૂર્વ સન્મુખ બેઠા. તે વખત બારમા દેવલોકના ઇંદ્રે સોના રૂપા અને રત્નાદિ આઠ જાતિના કળશા તેમજ ગંગાજળ પ્રમુખ સર્વ સામગ્રી અભિયોગીક દેવો પાસે તૈયાર કરાવી. તે વખતે ઇંદ્રને શક ઉત્પન્ન થયો કે અઢીશેહ અભિષેક દ્વારા એક ક્રોડ સાઠલાખ કલશે કરી ભગવાનને સ્નાન કરાવીશું, તો ભગવાનની ઉમર નાની હોવાથી ભગવાન સહન કેમ કરી શકશે, તે હું સમજી શકતો નથી. એવો સંદેહ ઇંદ્રને ઉત્પન્ન થયો જાણી પ્રભુએ ડાબા ચરણના અંગુઠાના અગ્રભાગથી મેરૂ પર્વતને સંચલાયમાન કર્યો. તે વખતે ઇંદ્રે અવધિજ્ઞાનથી જાણી માફી માંગી લીધી. અને અભિષેકનું કામ શરૂ કર્યું. અહીંઆ જે કાયદાથી અભિષેક થાય છે, તે નીચે મુજબ છે.

૧૦ અભિષેક વૈમાનીક ઇંદ્રોએ કર્યા. ૨૦ ભુવન પતિના ઇંદ્રોએ કર્યા. ૩૨ વ્યંતરોના ઇંદ્રોએ કર્યા. ૬૬ સૂર્ય જાતિના. ૬૬ ચંદ્ર જાતિના. ૪ લોકપાળની જાતિના. ૧ ગુરૂસ્થાનીય દેવોના. ૧ સામાનિક દેવોના. ૧ કટક પતિનો. ૧ અંગ રક્ષકનો. ૧ પરચુરણ દેવોના. ૩ પર્ષદાના. ૮ સૌધર્મ ઇંદ્રની ઇંદ્રાણીના. ૧૦ અસુર-ની ઇંદ્રાણીના. ૧૨ નાગેંદ્રની ઇંદ્રાણીના. ૪ વ્યતરેંદ્રની ઇંદ્રાણી. ૪ જ્યોતિષની ઇંદ્રાણી.

પ્રથમ બારમાં દેવ લોકના ઇંદ્રથી આવી રીતે વ્યવસ્થાનુંસાર અભિષેક થવા લાગ્યો જેથી અપૂર્વ શોભા થઇ રહી હતી,

અહીંઆ એક કવિએ દેવતાઓને વિબુધક કહ્યા છે. જે ઠીક છે, કારણ કે અંતિમ તિર્થંકરનો અભિષેક કરવાથી ખુદ પોતે નિર્મલ થાય છે.ઈત્યાદી વિવિધ પ્રકારથી પ્રભુની ભક્તિ કરી ઇંદ્રે ભગવાનને ત્રિસલા માતાની પાસે પધરાવ્યા અને પ્રતિબિંબ તથા નિંદ્રાને અપહાર કરી દીધું. અને ઉદ્‌ઘોશણા કરી કે જે કોઇ પ્રભુ અને પ્રભુની માતા ઉપર અશુભ ચિંતવન કરશે, તે બહુજ મોટી શિક્ષાને પામશે. ઇત્યાદી સર્વ વ્યવસ્થા કરી સર્વ દેવતા પોત પોતના સ્થાનકે ગય.. ત્યારબાદ તે વખતે પ્રિયંવદા દાસીએ પુત્ર જન્મની વધામણી તરત સિદ્ધાર્થ રાજાને દીધી. તે વખતે સિદ્ધાર્થ રાજાએ તે ખુશાલીમાં આવી જવાથી મુગટ સિવાય તમામ પહેરેલા વસ્ત્રાલંકાર વિગેરે દાસીને આપી દીધા, અને હંમેશાને માટે તેનું દાસીપણું દૂર કરી દીધું.

તે અવસરે સિદ્ધાર્થ રાજાએ આ સંસારિક પ્રસંગમાં ધાર્મિક ક્રિયા યાદ લાવી, હજારો જીન પ્રતિમાની લાખો રૂપૈયા ખરચી પૂજા કરી.

આ હકીકત શ્રી દશા શ્રુતસ્કંધ સૂત્રના મૂળ પાઠમાં છે જો કે બત્રીશ સુત્રોની ગણત્રીમાં મંજુર છે. આ સુત્રની અતી પ્રાચીન જીર્ણ પ્રતિ કચ્છ દેશાંતર ગત કેડાય ગામના જૈન પુસ્તકાલયમાં અને તેની કોપી અમારી પાસે છે. કોઇને જોવું હોય તો ખુશીથી જોઇ શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સજ્જનો ! ભગવાનના માત પિતાએ વિવિધ પ્રકારના જન્મ મહોત્સવે કરીને મિત્ર, જ્ઞાતિ સ્વજન સંબંધી પરીજન વગેરેને પ્રીતિભોજન કરાવ્યું. અને પુષ્પ વસ્ત્ર અલંકાર વગેરેથી સન્માન કર્યું અને કહ્યું કે આ પુત્ર ગર્ભમાં આવ્યો તે દીવસથી અમારે ત્યાં સોનું, રૂપુ, ધન, ધાન્ય, રાષ્ટ વગેરેની વૃદ્ધિ થવામાંડી હતી જેથી ગુણ નિષ્પન એવું વૃદ્ધમાન નામ આ કુંવરનું અમોએ રાખ્યું છે.

વિચક્ષણો! હવે ભગવાનનું મહાવીર નામ કેમ પડયું તેની ઉત્પત્તિ કહું છું.

સુજનો ! બીજના ચંદ્ર તેમજ કલ્પવૃક્ષના અંકુરની જેમ પ્રભુ વૃદ્ધિ પામવા લાગ્યા. દરમ્યાન સૌધર્મેંદ્ર દેવસભામાં ભગવાનના ધૈર્ય ગુણના વર્ણન કરતાં બોલ્યા કે હે દેવતાઓ ! આ વખત મનુષ્ય લોકમાં વૃદ્ધમાન કુમાર બાળક છે તથાપિ અતુલ પરાક્રમી છે, આશ્ચર્ય તે એ છે કે શક્રાદિ દેવતા કોઈપિણ તેમને ડરાવવાને અશક્ત છે ! એમ સાંભળી કોઇ મિથ્યાત્વી દેવ ચિંતવન કરવા લાગ્યો કે અહો ! શક્રેંદ્રનું નિરંકુશ અશ્રધેય વચન ચાતુરી છે કે, જે મનુષ્યને એટલા પ્રકર્ષ પ્રાપ્ત કરાવે છે. એટલા માટે આજજ ત્યાં જઇ તેમને ડરાવી, શક્રેંદ્રનું વચન અન્યથા કરૂં. એવો નિશ્ચય કરીને મુશલ જેવડું મોટું ભયંકર સર્પાકાર રૂપ લઇ ફટાટોપની સાથે કૂરતર આકાર સહિત ફુંકાર કરતા ક્રીડા વૃક્ષને લપેટી લીધું. તેમને જોઇ તમામ છોકરાઓ ભાગી ગયા. જરા માત્ર નહીં ડરનાર વર્ધમાન કુમારે પોતાના હાથથી સર્પને પકડી દૂર ફેંકી દીધો. તરતજ તે દેવતાએ બાળકનું રૂપ લઇને વર્ધમાન કુમારને પોતાના સ્કંધ ઉપર ચડાવી ભગવાનને ડરાવવા માટે સાત તાડ જેવડા ઉંચું શરીર બનાવી દીધું. તે વખતેજ ભગવાને વજ્ર, જેવી કઠણ મુષ્ટી લગાવી, જેનાથી મચ્છરની જેમ સંકોચપણાને પામી ગયો. અને શક્રેંદ્રનું વચન સત્ય માની પોતાનું રૂપ પ્રગટ કરી, વારંવાર પોતાના અપરાધની ક્ષમા ભગવાન પાસે માગી, સ્વસ્થાન પ્રત્યે ગયો. તે વખતે સંતુષ્ટ ચિત્ત થવાથી શક્રેંદ્રે ભગવાનનું **મહાવીર** એવું નામ દીધું.

મહાશયો ! એટલું નિવેદન કરી છેવટમાં એટલી સુચના કરૂં છું કે તેમના દ્વારા જૈનેંદ્ર વ્યાકરણની ઉત્પત્તિ થઇ. જેનું નામ મોટા મોટા વિદ્વાન્ લોકો હરેક શહેરોમાં લઇ રહ્યા છે. તથા ભગવાનની દિક્ષાના સમયે બાર માસ સુધી હમેશાં એક કરોડ આઠ લાખ સોનૈયાનું દાન દઇ દીક્ષા લીધી. તથા ત્યારબાદ ઘણી ભારે તપશ્ચર્યા કરી તથા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ગૌતમાદિ ૪૪૦૦ બ્રાહ્મણોને પ્રતિબોધી દિક્ષા દઈ. પાવાપુરીમાં મોક્ષે ગયા. દેવતાએ તથા રાજા મહારાજાઓએ દીવાળી કરી ઇત્યાદિ વૃત્તાંત મહાવીર ચરિત્રથી કહેવામાં આવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમદ્ આનંદઘનજીના सुहागण जागी अनुभवप्रीत અનુવાદ.

### હરિગીત.

આદિ રહિત એ કાળની અજ્ઞાન પૂર્ણ દશા અહો,
એ કુંભકર્ણી ઘોર નિદ્રામાં અહોનિશ હું રહ્યો;
જોતો સ્વરૂપ સ્વભાવમાં ત્યાં દૂર થઇ તે વિકૃતિ,
સૌભાગ્યવતિ હે! ચેતને થઇ પ્રેમ અનુભવ જાગૃતિ. (૧)

હૃદ્દન્મંદિરે પ્રકટાવીઓ વિવેક દીપક આજ છે,
ઝળકે સદા નિર્મળ પ્રકાશે સહજ જ્યોતિ સ્વરૂપ છે;
દિવ્ય ચક્ષુ દેખતો એ સ્વપર ભાવ તણી કૃતિ,
સૌગ્યવતિ હે! ચેતને થઇ પ્રેમ અનુભવ જાગૃતિ. (૨)

અન્યને હું કેમ દેખાડું વળી એ મૂર્ખને,
સમજાવું શી રીતે અનુભવગમ્ય એ પરમાર્થને;
પ્રેમ બાણુ અચૂક જાણું લાગતાં સ્થિર છે સ્થિતિ,
સૌભાગ્યવતિ હે! ચેતને થઇ પ્રેમ અનુભવ જાગૃતિ. (૩)

**ફતેચંદ ઝવેરભાઈ ભાવનગર.**

## સુધારો.

(ગતાંક પૃષ્ટ ૨૪૦ ની પચીશમી લીંટીમાં.) "મનઃપર્યવજ્ઞાની અધીક શુદ્ધતાથી મનોગત હોવા છતાં અધિકતર શુદ્ધતાથી જાણે છે" એમ છપાએલ છે તેને બદલે મનઃપર્યવજ્ઞાની આત્મ ગત હોવાથી અધિક શુદ્ધતાથી જાણે છે એમ વાંચવું.

૨ તેજ પૃષ્ટની ૨૭ લીંટીમાં "અંગુલના—અસંખ્યેય ભાગાદિ ક્ષેત્રોમાં ઉત્પન્ન થઇ સંપૂર્ણ લોક પર્યંત હોઇ શકે છે." એમ છપાયેલ છે તેને બદલે અંગુલના અસંખ્યેય ભાગાદિ ક્ષેત્ર જેટલું ઉત્પન્ન થઇ સંપૂર્ણ લોક પર્યંત હોઇ શકે છે એમ વાંચવું.

૩ તેજ પૃષ્ટની ૩૦ મી લીંટીમાં "અવધિજ્ઞાન તો સંયત અસંયત બધા જીવોને બધી ગતિમાં થાય છે" એમ છપાયેલ છે તેને બદલે "અવધિજ્ઞાન તો સંયત અસંયત જીવોને નારકી, દેવતા, મનુષ્ય અને પંચેંદ્રિ તિર્યંચ જીવોને થાય છે એમ સમજવું.

૪ તેજ પૃષ્ટની ૩૧ મી લીંટીમાં "અન્ય જીવ અથવા અસંયત મુનિને થતું નથી." એમ છપાયેલ છે તેને બદલે અન્ય જીવ અથવા અસંયતીને થતું નથી એમ વાંચવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "માન—પાપસ્થાનક" સાતમું.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૨૨૬ થી )

**( પામ્યો પામ્યો પદમણી નારી હો જાણો તેની સફળ જીંદગાની એ રાગ. )**

તજો સાતમું પાપનું સ્થાન હો–કરે માન અતીશે ખુવારી હાજીઃ એટેક.
જાતીકુળ ઐશ્વર્ય રૂપ રિદ્ધિ, તપો લાભ વિદ્યા આઠે મદ,
કરે પ્રથક પ્રથક દુઃખ ભારી હો— કરે૦ ॥ ૧ ॥
ઘોર કર્મ માને ચડી બાંધે તિમિર ટળે ન વિમળ મતી વાંધે,
આખર ગતિ થાય નઠારી હો— કરે૦ ॥ ૨ ॥
રાવણ રાજ્ય લંકાનું ગુમાવે, દુર્યોધન અંતે નહીં ફાવે,
માને પામ્યા નરક દુઃખ હારી હો— કરે૦ ॥ ૩ ॥
બાહુબલી તપતા તપ વનમાં, વેલડીયો વીંટાણી તનમાં;
પામ્યા કેવલ માન ઉતારી હો— કરે૦ ॥ ૪ ॥
પ્રજા પાળ રાજા મયણાને, કોઢી કર સોંપે અભિમાને,
દીધુ દેવે માન ઉતારી હો— કરે૦ ॥ ૫ ॥
દૈવ આધીન બાજી સહુ દીસે, પુર્વ પુરૂષ દ્રષ્ટાંત અતીશે,
હું પદમાં ગયા સુખ હારી હો— કરે૦ ॥ ૬ ॥
ચક્રી સેવક હોય સરિખા જાણો, સુખ દુઃખ કર્મ વશેજ પ્રમાણો,
સર્વ સ્વપ્ન સમાન વીચારી હો— કરે૦ ॥ ૭ ॥
સાવધાન રહી માનને તજીયે, ધ્યાન ધવળ સમતા ગ્રહી ધરીયે,
" દુર્લભ " લધુતા સુખકારી હો— કરે૦ ॥ ૮ ॥

## " માયા પાપસ્થાનક "—આઠમું.

વટસાવિત્રિ વ્રત આજ પુરણ કરીયેરે ( રાસડો ) એ રાગ.

તજો આઠમું પાપસ્થાન, માયા પ્રાણીરે,
તન ધન જોબન પરિવાર, અસ્થિર જાણીરે,
ભૂમિશય્યા કૃશ અન્ન, લહિને રે તારે,
તપજપ વ્રતમાં લયલિન, કષ્ટો સ્હેતારે.
ધરિ ધીરજ દિર્ઘ કાળ તનદમો,
માયા શલ્યે પ્રતિકુલ થાયરે, માયાવશે ગર્ભ અનંત પામીયે.
પરિસહો સકળ સુર્લભ ગણે મુની,
તેથી દુષ્કર માયા ત્યાગરે—માયાવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દંભ અસતિ પરે બહુ ધરનારા, હૃદય મૂખે ભિન્ન ભિન્નમતી ન્યારા,
ભવસાયરતે ડુબનારા પ્રાણી માયાને ત્યાગો;
અંતરનો અંધકાર નિવારો, ખટકો મનમાંએ ટકશે તમારો
"દુર્લભ" સુધરે જન્મારો––પ્રાણીમાયાને૦

લેખક––દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા, વળા.

મુંબઇ સમાચાર તા. ૧૩–૧૦–૧૯૧૩ માંથી.

## અમારો સત્કાર.

## ભાવનગર ખાતેની જૈન આત્માનંદ સભાના ત્રીવાર્ષિક અહેવાલનું અવલોકન.

જૈન બંધુઓ ધર્મ સંબંધી ઉંચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા. ધાર્મિક અને વ્યવહારિક કેળવણીની વૃદ્ધિનો યથાશક્તિ પ્રયાસ કરવા, જૈન ધર્મના અતી ઉપયોગી પુસ્તકો મૂળ, ટીકા, અવચુરી તેમજ ભાષાંતર સાથે પ્રસિદ્ધ કરી જ્ઞાનનો ઓહોળો ફેલાવો કરવા, મરહુમ ગુરૂ મહારાજ આત્મારામજીના નામથી એક મહાન જ્ઞાનાલય સ્થાપવા વગેરે ઉદ્દેશોથી સ્થાપન થયેલી જૈન આત્માનંદ સભા પોતાની સત્તર વર્ષની કારકીર્દી દરમીયાન જૈન કોમની સારી સેવા બજાવી શકી છે, એમ તેના અહેવાલો અને કાર્યવાહી તપાસતાં કહી શકાશે. તેના ઉદ્દેશોની વ્યાખ્યા ટુંકમાં એટલીજ મુકી શકાય કે જૈન કોમમાં જ્ઞાનની વૃદ્ધિ કરવાની ફરજ એ સંસ્થાએ ઉપાડી લીધી છે, અને તે ફરજ કેટલા અંશે બજાવી શકાય છે તે તપાસવાનો આપણો ઉદ્દેશ છે, જ્ઞાનવૃદ્ધિ કરવા માટે આ સભાએ પોતાની દૃષ્ટિને ધાર્મિક જ્ઞાન સુધીજ લંબાવી છે અને તેના ફેલાવા અર્થે જૈન ધર્મના સૂત્રો અને અન્ય પુસ્તકોનું મુખ્ય તત્વ ધરાવનારૂં એક પુસ્તકાલય ભાવનગર ખાતે સ્થાપન કર્યું છે, એક માસીક કહાડવામાં આવે છે અને કેટલાક પ્રાચીન પુસ્તકોને છપાવી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ સંસ્થા ભાવનગરમાં આવેલી હોઇ તેનો લાભ ભાવનગરની જૈન પ્રજાનેજ વધારે મળે એ દેખીતું છે, પણ તેના કાર્યવાહકોએ તેનો લાભ દેશના કોઇ પણ ભાગના જૈનોને મળે એવી કાળજી બતાવી છે, અને પુસ્તકાલયને વધારે સંગીન હાલતે પહોંચાડી તેનો દરેક પ્રકારનો લાભ ભરત વર્ષમાં દરેક સ્થળે સાધુ, સાધ્વી મહારાજાઓ તેમજ જૈન બંધુઓને આપવા ઇરાદો રાખ્યો છે. એ સંસ્થા પોતાના જ્ઞાન મંદીરને માટે કેવી ઉત્તમ અભિલાષા ધરાવે છે, તે અહેવાલ મધેના આ શબ્દોઉપરથીજ જોઇ શકાય છે કે "મરહુમ ગુરૂરાજ શ્રી આત્મારામજી મહારાજનાં નામથી એક જ્ઞાન મંદીર, જેવું કે આ ભારતવર્ષમાં કોઇ સ્થળે નથી તેવું ચાલતા જમાનાને અનુસરીને પુસ્તકોનું દરેક રીતે રક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ શકે તેવું કરવાનો પ્રયાસ આ સભાએ શરૂ કરેલો છે. ” જીજ્ઞાસા ઉત્તમ છે અને શરૂઆત પણ ગંભીરતાથી કરવામાં આવી છે, પણ તે છતાં જો પૂર્ણ શ્રમ ઉઠાવી પુરતું દ્રવ્ય ભેગું કરવાની ખાસ કાળજી રાખવામાં નહીં આવે તો પાંચ દશ કે વીશ હજાર રૂપીયાના ખર્ચે ભારત વર્ષમાં નથી એવું એક જ્ઞાનમંદીર હસ્તીમાં લાવવાની આશા રાખવી ફોકટ છે. એક ઉત્તમ જૈન પુસ્તકાલયની જૈન કોમને ઘણી જરૂર છે, એ વિષે કાંઇ શક નથી અને તે જરૂર જૈન ભાઇઓના મનમાં વસવા લાગી છે. * * * ભાવનગર આત્માનંદ સભાની ઇચ્છા એક સર્વોતમ જ્ઞાનમંદીર પુરૂં પાડવાની છે, પણ તે પાર પડવાનો સંભવ કેટલો છે તે ધ્યાનમાં લેવાની જરૂર છે. પોતાનાંજ સ્થાનમાં તેવું એક જ્ઞાનમંદીર પુરૂં પાડવાને બદલે અહમદાબાદ કે મુંબઇ જેવા દેશનાં મધ્ય શેહેરમાં તેવું જ્ઞાનમંદીર પુરૂં પાડવા માટે જો તે પોતે તૈયાર થાય, અન્ય સ્થળોના જૈનોને પણ તેમ કરવા જાગૃત કરે અને મુંબઇનાં જે જૈન પુસ્તકાલયો હમણા હયાતી ધરાવે છે, તેમને જોડી દેવાનો પ્રયત્ન આરંભે તો તે કાર્ય વધારે આવકારદાયક અને પ્રશંસાપાત્ર નીવડે કે કેમ તે તપાસની જરૂર છે. આ જાતનાં કાર્યો હરેક પ્રાન્ત કે શહેરના અંગે છુટાછવાયા પડી જવા નહીં જોઇએ, પણ આખા દેશના અંગે એકત્ર બનવા જોઇએ અને તેમાં મુખ્ય હેતુ જૈન કોમનાં પ્રાચીન સાહીત્યનો ઉપકાર કરવાનોજ હોવો જોઇએ. મુંબઇની મોહનલાલજી સ્મારકસેંન્ટ્રલ લાઇબ્રેરી એ માર્ગે પ્રયત્ન કરે છે, તેની પાસે આર્થીક જોગવાઇ પણ પ્રમાણમાં ઠીક છે, પરંતુ તે સઘળું છતાં છુટાછવાયા પ્રયત્નનો દોષ તેને પણ એક સરખોજ લાગુ પડે છે. પણ તેને બદલે જો આ જાતની જે સંસ્થાઓ દેશમાં હસ્તી ધરાવતી થઇ હોય તેઓના પ્રવર્તકોને એક સ્થળે એકત્ર કરી તેઓના વચ્ચે એક મહાન સેન્ટ્રલ પુસ્તકાલયોની યોજના વીચાર માટે રજુ કરવામાં આવે તો તેથી કદાચ તેઓના વીચારો ઉદાર બને અને તેઓ સઘળા હાથમાં હાથ મેળવી જૈન કોમનાં હીત માટેનો મુખ્ય ઉદૃશ પાર પાડવા તૈયાર થઇ શકે. અવલોકન હેઠળની સંસ્થા જ્ઞાનમંદીર નીભાવવા ઉપરાંત બીજું અગત્યનું કાર્ય કરે છે તે પ્રાચીન જૈન ગ્રંથોને પ્રગટ કરવાને લગતું છે. ઉત્સાહી સ્વધર્મીઓની મદદથી અને પોતાનાં સાધનોમાંથી શુમારે ત્રીસ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે, આ પ્રયાસમાં આ જુદી જુદી સંસ્થાઓ એકત્ર થવા અમુક સામાન્ય નીયમો અનેકાર્યક્રમ અનુસરીને કામ લેતાં શીખે, તો પણ પરોપકારે આવકારદાયક નીવડવાનો જણાય છે.

જૈન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાવનગરમાં શ્રી સંઘે જૈન શાસન તથા જૈન એડવોકેટ પત્ર માટે કરેલ ઠરાવ.

આજરોજ સં. ૧૯૭૦ના વૈશાકવદી ૧ રવીવારે શ્રી ભાવનગરનો સંઘ મળ્યો હતો. તેની અંદર મુંબઇના સંઘ તરફથી આવેલા બે કાગળો વંચાણમાં લીધા. તે ઉપરથી મુંબઇના સંઘના પત્રને અનુસરીને ભાવનગરનો સંઘ પણ દીલગીરી સાથે મુનિ નિંદાવાળા જે શબ્દો જૈનશાસન અને જૈન એડવોકેટમાં છપાઇ આવેલા છે તેને માટે નાપસંદગીનો ઠરાવ કરે છે. મુંબઇના સંઘનાં લખાણને અનુસરીને જૈનશાસન ન્યુસના માલેક પરશોતમગીગાભાઇને સંઘરૂબરૂ બોલાવીને જૈનશાસન પત્રમાં મુનિનિંદા કે ગીલીચ ભાષા નહિં છાપવાનું ફરમાવવામાં આવ્યું. તે પ્રમાણે તે માલેકે કબુલ કર્યું. ઉપર પ્રમાણેના ખબર શ્રી મુંબઇના સંઘને લખી મોકલવા ઠરાવ્યું. તા. સદર.

# વર્તમાન સમાચાર.

## મુનિરાજોનું આવકારદાયક આવાગમન.

મહોપકારી ત્રિશ્વવંદ્ય ન્યાયાંભોનિધિ **શ્રીમદ્ વિજયાનંદસૂરિ** (આત્મારામજી મહારાજના) પટધર શ્રીમાન સુરિશ્વરજી શ્રી **વિજયકમળસૂરિજી** તથા શ્રીમાન્ ઊપાધ્યાયજી **મહારાજ શ્રી વીરવિજયજી મહારાજ** તથા શ્રીમાન્ પંન્યાસજી **શ્રી દાનવિજયજી** મહારાજ જેઓકે હાલમાં કાઠીયાવાડની ભુમિમાં પધાર્યાં છે તે હકીકત ફાગણ માસના અંકમાં અપાયેલ છે. ઉકત મહાત્મા સીહોરથી વિહાર કરતા વરતેજ, વાલુકડ, ગોઘા વગેરે અનેક સ્થળોએ તેઓના ઉપાદેશામૃતનું પાન ભવ્યજીવોને કરાવતાં અનુક્રમે તેઓ શ્રી દરેક નાના મોટા સ્થળોએ વિહાર કરી થોડા દિવસ ઊપર મહુવા ગામમાં પધાર્યાંછે. જ્યાં અઠાઇ મહોત્સવ સમવસરણની રચના વગેરે અનેક ધાર્મિકકૃત્યો થયા છે. વિશેષ મહુવા, પાલીતાણા વચેનો વીશાશ્રીમાલી જ્ઞાતિનો જે કે ઘણા વખતથી ઝગડો હતો જે કેટલેક સ્થળે પતી ગયો હતો પણ છેવટે મહુવામાં બાકીરહ્યો હતો તે આ મહાત્માઓના ઊપદેશથી તે ઝગડો પતતાં ઘણા વખતે દરેક જૈન બંધુઓએ સાથે બેસી (નવકારશીમાં) જમ્યા હતા. થોડા વખતમાં આ મહાત્માઓ શ્રી સિદ્ધાચરળજીયાત્રા કરવા પધારનાર છે.

## શ્રી આત્માનંદ જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓનો ઇનામનો મેળાવડો.

ગયા માસની ચૈત્ર શુદ ૧૩ ના રોજ પરમ પવિત્ર શ્રી વીર પરમાત્માનો જન્મ દિવસ હોવાથી રતલામ શહેરમાં ઘણાજ ઠાઠમાઠથી શ્રી મહાવીર સ્વામીની જયંતી કરવામાં આવી હતી. તે દિવસે શેઠ રતનલાલજીની ધર્મશાળાને ધ્વજા પતાકા વગેરેથી શણગારવામાં આવી હતી. તે સિવાય વિવિધ શણગારથી ઉક્ત મકાનની ઘણીજ શોભા કરવામાં આવી હતી. સવારના નવ વાગે અલંકૃત થયેલા શ્રાવક શ્રાવિકા વર્ગથી સભાનું મકાન ચીકાર ભરાઇ ગયું હતું. આરસના તખ્ત પર પરમ ઉપકારી શ્રીમદ્ **હંસવિજયજી મહારાજ** વચમાં બીરાજમાન થયા હતાં.

પ્રથમ વાજીંત્ર સાથે શ્રી મહાવીર પ્રભુનું ગુણ ગ્રામ વાળી કવિતાઓ ગાવામાં આવી હતી. તથા જૈન કન્યાઓએ મંગલાચરણ ગાયું હતું, ત્યારબાદ શ્રીમાન મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજે આ પ્રસંગને અનુસરતું જૈન સાસ્ત્રાનુસાર શ્રી વીરજયંતી પ્રબંધ સંભળાવ્યો હતો ત્યારબાદ પાઠશાળાના માસ્તર મી સિમળે કેટલાક વિવેચન સાથે શ્રી આત્માનંદ જૈન પાઠશાળાના વિદ્યાર્થી (બાળકો અને બાળકીઓને) ઇનામ દેવાનો પ્રસ્તાવ કહી બતાવ્યો હતો. એક કન્યાએ જ્ઞાન સંબંધી લાભો કહીબતાવ્યા હતા. ત્યાર બાદ પાઠશાળાના વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા હતા.

આજરોજ આમલનેરવાળા ચુનાબાઇ તથા સીતાબાઇ તરફથી સત્તર ભેદી પૂજા ભણાવવામાં આવી હતી. સરવે દેરાસરમાં આંગી કરાવવામાં આવી હતી.

For Private And Personal Use Only